# "માછલી પાણી વગર જીવી શકે તો ભાજપ સત્તા વગર જીવી શકે"

## રાજ્ય સભાની ચૂંટણીમાં બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલના ભાજપ પર ચાબખા

કોરોના વાયરસ ગુજરાતમાં ગમે તે ઘડીએ દસ્તક દઈ શકેની ભીતિ વચ્ચે લોકોની ચિંતા કર્યા વગર ભાજપ-કોંગ્રેસના જનપ્રતિનિધિઓ રાજ્યસભાની ચૂંટણીમાં જીત મેળવવા ચોકઠાં ગોઠવવામાં મશગુલ બન્યા છે. રાજ્યસભાની ચૂંટણી પહેલા રાજ્યમાં હાલ રાજકારણ ગરમાયું છે અને જોડતોડની રાજનીતિ દેખાઈ રહી છે. ૨૬ માર્ચે યોજાનાર રાજ્યસભાની ચાર બેઠકોની ચૂંટણીમાં ભાજપ ત્રીજી બેઠક જીતવા માટે મરણિયો પ્રયાસ કરી રહી છે. રાજ્યસભાની ચૂંટણી પહેલા ૪ કોંગ્રેસી ધારાસભ્યોના રાજીનામાથી ચર્ચાથી રાજકારણમાં ભારે ઉથલ-પાથલ જોવા મળી રહી છે. કોંગ્રેસ રાજ્યસભાની બંને બેઠકો કબ્જે કરવા હાલ ધારાસભ્યોને રાજસ્થાન ખસેડી રહી છે. ત્યારે બાયડ-માલપુરના ધારાસભ્ય જશુભાઈ પટેલ ભાજપ સત્તા માટે હવાતિયાં મારવા હોય એટલા મારી લે કોંગ્રેસ રાજ્યસભાની બંને બેઠકો પર વિજય પ્રાપ્ત કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.



અરવલ્લીના બાયડ-માલપુરના કોંગ્રેસના ધારાસભ્ય જશુભાઈ પટેલે ભાજપ પર ચાબખા મારી ભાજપ દબાણકારી નીતિના પગલે અને કોંગ્રેસના ધારાસભ્યો પર અગાઉ હુમલા પણ થયા છે તેમના મત વિસ્તારમાંથી પણ દબાણ ઉભું કરવામાં આવતું હોય છે, કોંગ્રેસના ચિન્હ પર ચૂંટાયેલા ધારાસભ્યો જે હાલ રાજ્ય બહાર ગયા છે અથવા જવાના હશે કે પછી રાજ્યમાં રહેશે તે તમામ ધારાસભ્યો કોંગ્રેસના રાજ્યસભાના બંને ઉમેદવારોને વિજય બનાવશે તેવો વિશ્વાસ હોવાનો અને તેમાં કોઈ પણ ઉણપ નહિ આવેનું જણાવ્યું હતું. કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો રાજ્ય બહાર ફરવા ગયા છે પરંતુ હું મારા મત વિસ્તારમાં પ્રજાની વચ્ચેજ રહેવાનો છું અને ક્યાંય પણ જવાનો નથી તેમ ભારપૂર્વક જણાવી ભાજપ પર ચાબખા મારી જણાવ્યું હતું કે "માછલી પાણી વગર જીવી શકે તો ભાજપ સત્તા વગર જીવી શકે" તેવી હાલત છે ભાજપને જેટલા પણ હવાતિયાં મારવા હોય એટલા મારી શકે છે.

## હિંમતનગરમાં ઉમિયા મહોત્સવમાં એક લાખથી વધુએ દર્શનનો લાભ લીધો

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં ઉમિયાવાડી ખાતે આવેલ ૨૩૫માં ઉમિયા મંદિરનો તાજેતરમાં ધામધૂમપૂર્વક પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. ત્રિદિવસીય આ પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન યોજાયેલ ચંડીપાઠ, શોભાયાત્રા, જલયાત્રા, અગ્નિસ્થાપન, અભિષેક અને મહાઆરતી સહિતના કાર્યક્રમમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના મળી અંદાજે એક લાખથી વધુ લોકોએ ઉપસ્થિત રહીને દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. ત્રિ-દિવસીય આ મહોત્સવ દરમ્યાન મંદિર પરીવાર દ્વારા કરાયેલી સુંદર વ્યવસ્થાને લઈને દર્શનાર્થીઓને કોઈપણ અડચણ પડી ન હતી. જે બદલ ઉમાભક્તોએ સુખરૂપ સંપન્ન થયેલા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો સઘળો યશ મા ઉમિયાને આપ્યો છે એમ ઉમિયા પરીવાર વતી જણાવાયું છે.

# ટામેટાના ભાવ તળિયે જતા અરવલ્લીના ખેડૂતોએ ખેતરમાંથી છોડ પરથી ટામેટા ઉતારવાનું બંધ કરી દીધું

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લામાં ટામેટાનું મબલક ઉત્પાદન વચ્ચે ટામેટાના ભાવ તળિયે જતાં ખેડૂતો વર્ષે કમોસમી વરસાદથી ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા હતા, તો હવે બાગાયતની ખેતી કરતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. અરવલ્લી મળ્યું છે, પણ પૂરતા ભાવ ન મળતા હોવાને કારણે હવે ખેડૂતોએ ટામેટા ઉતારવાના બંધ કરી દીધા છે. ખેડૂતોનું એમ પણ



મુશ્કેલીમાં મુકાઈ ગયા. અરવલ્લી જીલ્લામાં ટામેટાની ખેતી કરનાર ખેડૂતો પહેલા માવઠાના માર સહન કરી નુકશાનીમાંથી ઉભા નથી થયા ત્યારે ટામેટાના ભાવમાં ભાવમાં કડાકો બોલતા તળિયે પહોંચેલા ભાવથી ખેડૂતોની હાલત દયનિય બની છે.

અરવલ્લી જિલ્લામાં ચાલુ જિલ્લામાં ટામેટાનું મબલક ઉત્પાદન થતાં ખેડૂતોના ટામેટાના પૂરતા ભાવ ન મળતા ખેડૂતો બેહાલ બન્યા છે.

મોડાસા તાલુકાના બોરડી કંપા સહિતના વિસ્તારોમાં ખેડૂતોએ ટામેટાનું આશરે સો થી દોઢસો વિઘામાં વાવેતર કર્યુ છે, જેનું ખેડૂતોને મબલક ઉત્પાદન કહેવું છે કે થોડીઘણી કોરોના વાઈરસની પણ અસર જોવા મળી રહી છે. ગત વર્ષે સારો ભાવ અને વેચાણ પર સારૂ હતું, જો કે આ વર્ષે ટામેટાનું ઉત્પાદન સારૂ છે, પણ ટામેટાની ખરીદી કરવા કોઈ તૈયાર જ નથી. જેથી ખેડૂતોને દેવાના ડુંગર તળે દટાવવાનો વારો આવ્યો છે.

# પ્રાંતિજ ખાતે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ શ્રીમતી એમ.સી. દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી કરાઈ હતી. ૧૫ માર્ચ ૨૦૨૦ને વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ તરીકે ઉજવવામાં આવે છે જેના ભાગરૂપે એક દિવસ અગાઉ તા.૧૪-૩-૨૦૨૦ને શનિવારના રોજ પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ શ્રીમતી એમ સી. દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજ દ્વારા યોજાયો હતો. જેમાં કોલેજના આચાર્ય ડૉ. કામેશ્વર પ્રસાદ, પ્રોફેસર દિનેશભાઈ પટેલ, વારાહી શક્તિ પીઠ પોગલુના મહંત સુનીલદાસજી મહારાજ, નગરપાલિકા સદસ્ય રાજેશભાઈ ટેકવાણી સહિત હાજર રહ્યા હતા અને પાઠય પુસ્તકમાં ગ્રાહક સુરક્ષાના પાઠ આવે છે તે દ્વારા વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવે છે તથા ઓનલાઈન ખરીદ પધ્ધતિથી જાગૃત બનવું જોઈએ.

૧૫મી માર્ચ વિશ્વ અધિકાર દિવસનું શું મહત્વ છે તેના વિશે વિગતવાર માહિતી અને ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ અને નવો બનેલ ૨૦૧૯ ના કાયદા હેઠળ ગ્રાહકો ને મળેલ અધિકારો અને ફરીયાદ કરવાની પધ્ધતિ અને ગ્રાહકો ને ઉપયોગી સરકારની યોજનાઓ અંગેની વિસ્તૃત માહિતીઓ ગ્રાહક હિત સુરક્ષા મંડળના પ્રમુખ નટુભાઈ બારોટ દ્વારા આપવામાં આવ્યા હતાં અને ગ્રાહક કઈ રીતે મજબુત બને જાગૃત બને તે સમજ આપી હતી.

# માલપુર અને ટીંટોઈ ગામે જંગલમાં અચનાક આગ લાગી

## વન વિભાગના કર્મીઓની ઘોર બેદરકારી સામે આવી

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના માલપુર અને ટીંટોઈ ગામના જંગલમાં શનીવારે એકાએક આગ ભભુકી ઉઠતાં જ દોડધામ મચી હતી. જોકે ટીંટોઈના ડુંગરે લાગેલ આગ ઉપર વન વિભાગ અને માલપુર અને ટીંટોઈ ગામે ડુંગરાની તળેટી માં આવેલ જંગલમાં આગ ભભૂકી ઉઠી હતી. અગમ્ય કારણોસર લાગેલી આ આગ ઉપર કાબુ મેળવવા મોડાસા રેન્જની ટીમ ટીંટોઈ રવાના થઈ હતી અને મોડાસાથી ફાયર બીટના ફોરેસ્ટર હેડકવાર્ટરથી ૯૦ કીમી દૂર હોવાનું જણાઈ આવ્યું ત્યારે વન વિભાગ સામે જ પ્રશ્નો ઉઠયા હતા.

આ આગ ઉપર વનપંડિત અને અન્ય કર્મીઓ દ્વારા મોડે મોડે કાબુ મેળવાયો હતો. પરંતુ



મોડાસા ફાયર ફાયટરની ટીમ દ્વારા કાબુ મેળવી લેવાયો હતો. જયારે માલપુરમાં ડુંગરાની તળેટી લાગેલી આગમાં વન ખાતાની લાપરવાહી ઉડીને આંખે વળગે તેવી જણાઈ આવી હતી.

શનીવારના રોજ જિલ્લાના ફાઈટરની ટીમની મદદ મેળવી ટીંટોઈના ડુંગરે લાગેલી આગ ઉપર કાબુ મેળવી લેવાયો હતો. જયારે માલપુર ખાતે ગામ ફોરેસ્ટ બીટમાં ભભૂકેલી આગને લઈ વેપારીઓ અને નગરજનો બેબાકળા બન્યા હતા. ત્યારે આ ફફડી ઉઠેલા ગ્રામજનોએ માલપુરના ફોરેસ્ટર બી.એચ. ઝાલા સામે ઉગ્ર રોષ ઠાલવ્યો હતો અને ફરજ પ્રત્યે બેદરકાર આવા કર્મીઓને લઈને જ જંગલોનો સર્વનાશ થતો આવ્યો હોવાની હૈયાવરાળ ઠલવાઈ હતી.

# પાલનપુરમાં કોરોના વાયરસના પગલે સેનીટાઈઝરની અછત

## મેડીકલના સંચાલકો ૫૦૦નો સ્ટોક મંગાવે છે, જેની સામે માત્ર ૧૦૦ આવે છે

### રૂ.૧૦ ના માસ્કના ૨૦થી ૩૦ વસુલવામાં આવે છે

દેશભરમાં કોરાના વાયરસનો કહેર છે. જેને લઈ આ રોગનો ફેલાવો ન થાય તે માટે લોકો માસ્કનો ઉપયોગ કરતા હોય છે.જે માસ્ક બજારમાં રૂ.૧૦ માં વેચાતુ હતુ. તે માસ્કના આજે ૨૦ થી ૩૦ લઈ લોકો પાસેથી અછતના નામે લૂંટ ચલાવવામાં આવતી હોવાની ફરીયાદો ઉઠી રહી છે.

### ૫૦૦ સેનીટાઇઝર બોટલોની સામે માત્ર ૧૦૦ આવે છે

દેશભરમાં કોરોના વાયરસનો કહેર છે.જેના પગલે પાલનપુરની મેડીકલોમાં સેની ટાઇઝરની બોટલોની અછત સર્જાઇ છે.સંચાલકે જણાવ્યુ ૫૦૦ બોટલ મંગાવવામાં આવે છે.

પાલનપુર

પાલનપુર શહેરમાં કોરોના વારસને લઈ મેડીકલમાં વેચાતી સેની



ટાઇઝરની બોટલોમાં અછત જોવા મળી રહી છે. જેના પગલે વેપારીઓ દ્વારા મોઢેમાગી કિંમત વસુલવામાં આવી રહી છે.અને ગ્રાહકો સાથે ઉઘાડી લુંટ કરવામાં આવતી હોવાની ફરીયાદો ઉઠી છે.

દેશભરમાં કોરોના વાઈરસનો કહેર જોવા મળી રહ્યો છે. આ વાયરસથી લોકો બચી શકે તે માટે સરકાર દ્વારા અનેક લોક જાગૃતિના કાર્યક્રમ કરવામાં આવે છે. પરંતુ કેટલાક મેડીકલના સંચાલકોને જાણે કમાવાની સિઝન આવી હોય તેમ સેની ટાઇઝરની બોટલોની મોઢેમાગી કિંમત ગ્રાહકો પાસેથી વસુલ કરવામાં આવી રહી છે. તો આ બાબતે તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

## દલાલ દાઉદનો ભ્રષ્ટાચાર બહાર લાવનાર પ્રતિનિધિને

# દાઉદ મુસલા દ્વારા જાનથી મારી નાખવાની ધમકી

## પોલીસ તાત્કાલિક દાઉદ સામે એટ્રોસિટી એક્ટ તેમજ જાનથી મારી નાખવાની ધમકી અને અપશબ્દો બોલવાની કલમ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરે તેવી માગ

લાખણી તાલુકાના ઘાણા ગામે રહેતો દાઉદ ભાઈ મુસ્લા મકાન સહાય તેમજ શોચાલય સહાયના નામે કરોડો રૂપિયાનું કૌભાંડ આચર્યું છે જેની સમગ્ર ઘટના મીડિયા દ્વારા બહાર લાવતા દાઉદ મુસ્લા મીડિયા પ્રતિનિધિને જાતિ અપમાનીત શબ્દો બોલી જાનથી મારી આપવા નાખવાની ધમકી આપતા ચકચાર મચી જવા પામી છે તો બીજી તરફ મીડિયાકર્મી દ્વારા ધાનેરા પોલીસ મથકમાં લેખિતમાં જાણ કરવામાં આવી છે ત્યારે મીડિયા કર્મી ઓની માંગ છે કે ધાનેરા પોલીસ દાઉદ મુસ્લા સામે એટ્રોસિટી એક્ટ તેમજ જાનથી મારી નાખવા નાખવાની ધમકી અને અપશબ્દો બોલવાની કલમો હેઠળ ગુનો નોંધી તાત્કાલિક ધરપકડ કરે તો બીજી તરફ દલાલ દાઉદ એ બડાશ મારી રહ્યા છે કે મારા વેવાઈ પોલીસ માં જમાદાર છે અને ઊંચી ઓળખાણ ધરાવે છે એટલે મારું કોઈ કશું જ બગાડી શકે તેમ નથી.

સમગ્ર ઘટનાની વાત કરવામાં આવે તો લાખણી તાલુકા ના ઘાણા ગામે રહેતા દાઉદ ભાઈ મુસ્લા જે થોડા વર્ષો પહેલાં માત્ર





હીરા ઘસી તેનું અને તેના પરિવારનું ગુજરાન ચલાવતો હતો પરંતુ આજે લાખો રૂપિયાની મિલકત ધરાવે છે દાઉદ મુસ્લા એ ગરીબ અને ભોળા લોકો પાસે જઈ જણાવતો હતો કે મારે અધિકારીઓ જોડે સારી ઓળખાણ છે માટે તમારે શોચાલય કે મકાન બનાવવું હોય તો ડોક્યુમેન્ટ આપો અને લોકોએ મકાન પાસ કરાવવા માટે દલાલી પેટે ૪૦ થી ૬૦ હજાર રૂપિયા લેતો અને લોકોને જણાવ તો કે તમે મકાન નહીં બનાવો તો પણ ચાલશે અધિકારીઓ બધા જ મારી ઓળખાણવાળા છે તેમ કંઈ કરોડો રૂપિયાનું કૌભાંડ આચર્યું છે સરકાર તરફથી પાસ થયેલ મકાન સહાય માંથી મોટા ભાગના પૈસા દલાલ દાઉદ ચાઉં કરી જતા અરજદારોએ મકાન પણ નથી બનાવ્યા અને અરજદારો આજે પણ મકાનથી વંચિત જોવા મળી રહ્યા છે દાઉદ મુસ્લા દ્વારા નાઝ મિશન મંગલમ નામનું સખીમંડળ બનાવી તેમાં પણ કરોડો રૂપિયાનું કૌભાંડ આચર્યું છે સમગ્ર બાબતે આરટીઆઈ હેઠળ માહિતી મેળવી સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કરતાં દલાલ દાઉદ સાથે ભળેલા અધિકારીઓની પણ પગ નીચેથી જમીન સરકી ગઈ હતી ત્યારે સમગ્ર ભ્રષ્ટાચાર નો અહેવાલ બહાર પાડતાં દાઉદ મુસલા ઉશ્કેરાયો હતો અને ભ્રષ્ટાચાર બહાર લાવનાર પ્રેસ પ્રતિનિધિને જાતિ અપમાનીત શબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી ત્યારે પ્રેસ પ્રતિનિધિ દ્વારા ધાનેરા પોલીસ મથકમાં સમગ્ર બાબતે લેખિતમાં જાણ કરી હતી ત્યારે દલાલ દાઉદ મુસ્લા એ બડ્સ મારતા જણાવ્યું હતું કે મારા વેવાઈ પોલીસમાં છે અને ઊંચીલાગવગ ધરાવે છે એટલે મારું કોઈ કશું જ બગાડી શકે તેમ નથી અને મારા પર કોઈ ફરિયાદ પણ નહીં થાય તેથી ધાનેરાના મીડિયા કંપનીઓની માંગ છે કે આવા લોકો સામે ધાનેરાની પોલીસ તાત્કાલિક ધોરણે ગુનો નોંધી ધરપકડ કરે અને જો પોલીસ દ્વારા ગુનો નોંધી ધરપકડ નહીં કરવામાં આવે તો આવનારા સમયમાં મીડિયા કર્મી દ્વારા ઉગ્ર આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારી છે.

# ધાખા ગામે શીતળા સાતમ નિમિતે લોકમેળો ભરાયો

બનાસકાંઠા જિલ્લા ના ધાખા ગામે શીતળા સાતમ નિમિતે લોક દરરોજ મોટી સંખ્યા માં ભક્તો આવી માના શરણ માં શીશ નમાવે



મેળો ભરાયો હતો જેમાં મોટી સંખ્યા માં ભક્તોએ શીતળા માતા ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને લોકોએ મેળા નો આનંદ માન્યો હતો.

ધાનેરા તાલુકા ના ધાખા ગામે શીતળા માતાનું વર્ષો પુરાણું મંદિર આવેલું છે અને આ મંદિરે છે ત્યારે આ મંદિરે વર્ષ માં બે વખત લોક મેળો પણ ભરાય છે એક મેળો શ્રાવણ મહિના માં ભરાય છે તો બીજો મેળો ફાગણ મહિના માં ભરાય છે ત્યારે આજે શીતળા સાતમ નિમિતે ભવ્ય લોક મેળો ભરાયો હતો જેમાં મોટી સંખ્યા માં લોકો માના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને મેલા નો આનંદ માન્યો હતો રાંધણ છઠ ના દિવસે લોકો ભોજન બનાવે છે અને બીજા દિવસે એટલે કે શીતળા સાતમ ના દિવસે લોકો ધાખા ગામના શીતળા માતા ના મંદિરે આવી ભોજન માતાજી ને અર્પણ કરે છે અને તે બાદ લોકો પણ પ્રસાદ ના રૂપે એ ભોજન આરોગે છે તો બીજી પણ લોક વાયકા છે કે જો કોઈને ઓરી ,અછબડા ગાળાનો રોગ આંખ દુખાવો કાં દુખવા જેવી બીમારી થાય તો લોકો શીતળા માતા ચાંદી ની આંખ ગળું જેવા અંગો ની માનતા કરે છે અને તે માનતા આજના દિવસે પુરી કરે છે ધાખા ના શીતળા માતા ને ઠંડુ ભોજા અને મીઠા ની પ્રસાદી અર્પણ કરવામાં આવે છે.



## હિંમતનગર ખાતે પોલીસ અને પ્રેસ વચ્ચે મૈત્રી ક્રિકેટ મેચ, પ્રેસ ઇલેવનનો વિજય

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરથી વિજાપુર રોડ ઉપર રવિવારે રાજ સ્પોર્ટ્સ મેદાન ખાતે પોલીસ ઈલેવન અને પ્રેસ ઈલેવન વચ્ચે મૈત્રી ક્રીકેટ મેચ યોજવામાં આવી હતી. જેમાં જીલ્લાના પોલીસ અધિકારીઓ અને પત્રકાર મિત્રો તેમજ આગેવાનોએ ભાગ લીધો હતો. પોલીસ ટીમ વતી ડીવાયએસપી વિશાલ રબારી અને પી.આઈ. વી.આર. ચાવડા, મહાવીરસિંહ સોલંકી, પી.એસ.આઈ. જે. એમ. પરમાર અને બીલાલ મુરીમા તેમજ અલકેશ ગઢવી અને આર.એફ.ઓ. જે.એસ. પંડ્યા સહિતના અધિકારીઓએ ભાગ લઈ મેચને રોમાંચક બનાવી હતી. પોલીસ ઈલેવને ટોસ જીતીને પ્રથમ બેટીંગ કરી ૧૬ ઓવરના અંતે ૧૧૯ રન કર્યા હતા જેના જવાબમાં પ્રેસ ઈલેવને ચાર વિકેટે ૧૨૦ રન કરી વિજય મેળવ્યો હતો. બોલીંગ, ફીલ્ડીંગ અને બેટીંગ તમામ ક્ષેત્રે પ્રેસ ઈલેવને સુંદર પ્રદર્શન કરતા રસાકસીભરી મેચ આખરી ઓવરમાં પોતાના તરફી કરી લીધી હતી. પ્રેસ ઈલેવનના કપ્તાન અવનિશ ગોસ્વામી અને ઉપકપ્તાન હરીશ પટેલે ટ્રોફી સ્વીકારી હતી. મેન ઓફ ધ મેચ સાજીદ રેવાશીયા, બેસ્ટ બોલર તરીકે વી.આર. ચાવડા, બેસ્ટ ફીલ્ડર તરીકે દેવાંગ રાવલ અને બીલાલ મુરીમાને ટ્રોફી એનાયત કરવામા આવી હતી. જીલ્લા પોલીસ વડા ચૈતન્ય માંડલિકે પ્રેસ ઈલેવન વિજેતા ટીમને તેમજ મેચમાં સુંદર દેખાવ કરનાર પોલીસ ટીમને અભિનંદન પાઠવ્યા હતા. આઈ.પી.એસ. ડો. લવિના સિંહા અને ડી.વાય.એસ.પી. મીનાક્ષી પટેલે મેચ નિહાળી ખેલાડીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ. મેચનું આયોજન યુસુફ બચ્ચા, ઈકબાલ લુહાર અને હરેશ પટેલે ધ્વારા કરવામાં આવ્યું હતું.

# ધાનેરા તાલુકાના નેનાવા ગામ નજીક ડમ્પર અને કમાન્ડર જીપ વચ્ચે અકસ્માત સર્જાતાં બેના મોત

બનાસકાંઠા જિલ્લામાં અકસ્માતોની વણથંભી વણઝાર જોવા મળી રહી છે જેમાં એક બાદ એક લોકોના મોત ને ભેટી રહ્યા છે ત્યારે ગત મોડીરાત્રે ધાનેરા તાલુકાના નેનાવા ગામ નજીક કમાન્ડર જીપ અને ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાયો હતો અને અકસ્માતમાં કમાન્ડર જીપ માં બેઠેલા બે લોકોના મોત નિપજતા અરેરાટી મચી જવા પામી છે.

જાણવા મળતી માહિતી અનુસાર રાજસ્થાન તરફથી કમાન્ડર જીપ ધાનેરા તરફ આવી રહી હતી અને ધાનેરા થી રેતી ભરેલું ડમ્પર નેનાવા તરફ જઈ રહ્યું હતું તે સમયે નેનાવા માર્કેટ યાર્ડ નજીક બંને વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જતા બે લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજયા હતા સમગ્ર ઘટનાને લઈ લોકો દ્વારા પોલીસને જાણ કરતાં સ્થાનિક પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી બંને મૃતકોની લાશને પીએમ અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.